### ગુજરાત પોલીસના ઉચ્ચ અધિકારીઓ આવતીકાલથી રાજ્યવ્યાપી

# લોક દરબાર યોજીને ગેરકાયદે વસુલતા વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરશે:ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૮

ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી એ જણાવ્યું છે કે,રાજયના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો ને વ્યાજખોરોની ચુંગાલમાંથી મુકત કરાવવવા માટે રાજય સરકારે મકકમ નિર્ધાર કર્યો છે.જેના ભાગરૂપે આવતીકાલથી રાજયવ્યાપી લોકદરબારનું આયોજન કરાયું છે જેમાં રાજય પોલીસ દળના ઉચ્ચ અધિકારી ઓ નાગરિકોના પ્રશ્નો સાંભળીને તેના નિરાકરણ માટે સંનિષ્ઠ પ્રયાસો કરશે અને ગેરકાયદે વ્યાજ વસુલતા કસુરવારો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરશે. ગૃહ મંત્રી સંઘવી એ ઉમેર્યું કે, રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ ખાસ આયોજન કરવામાં આવી રહ્યું છે જેમા જરૂરતમંદ નાગરિકોને મહત્તમ લાભ લેવા રાજય સરકાર દ્વારા અપીલ કરાઈ છે. મંત્રી એ ઉમેર્યું કે,સુરત પોલીસ દ્વારા ગેરકાયદે વ્યાજ વસુલતા વ્યાજખોરો વિરુદ્ધ મુહિમ ચલાવવામાં આવી હતી એને મળેલી સફળતાના પરિણામે હવે આ મોડલ ગુજરાતમાં લાગુ કરવામાં આવી રહ્યું છે.ગુજરાતભરમાં પોલીસ દ્વારા વ્યાજખોરો(Money Lender) વિરુદ્ધ એક ખાસ મુહિમ શરુ કરવામાં આવી છે.

ગૃહ રાજ્યમંત્રી એ ઉમેર્યું હતું કે, ગુજરાતના તમામ જિલ્લાઓમાં ગુજરાત પોલીસ દ્વારા છેલ્લા એક સપ્તાહથી જે વ્યાજખોરો સામે એક મુહિમ ચાલુ કરવામાં આવી છે અને આ મુહિમમાં ગુજરાતના તમામ વિસ્તારોમાં આ મુહિમ થકી ગુજરાતના અનેક પરિવારો ને આ વ્યાજખોરોના ત્રાસમાં થી મુક્ત થવાની એક તક પુરી પાડી છે. આવનારા એક અઠવાડિયામાં આ મુહિમ વધુ ઝડપી અને વેગવાન બનાવીને અસરકારક રીતે અમલી કરાશે. આ માટે રાજયના તમામ જિલ્લાના પોલીસ અધિકારીઓને ખાસ ધ્યાન કેન્દ્રિત કરવા તેમણે સૂચનાઓ પણ આપી છે. તેમણે વધુમાં જણાવ્યું છેકે, ગુજરાત પોલીસના તમામ સીનીયર અધિકારીઓ જેવા કે પીઆઈ, ડીવાયએસપી, ડીએસપી અને મહાનગર હોય તો કમિશ્નર સુધીના અધિકારીઓ પોતે અલગ અલગ વિસ્તારમાં જાય અને સામાન્ય નાગરિકે પોલીસ મથકે જઈને ફરિયાદ ના આપવી પડે તે માટે ગુજરાત પોલીસ મુહિમ શરુ કરશે.આવતી કાલ થી સીનીયર પોલીસ અધિકારીઓ લોકો વચ્ચે જશે, લોક દરબારમાં જાહેરમાં ફરિયાદ લઈને આવા વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરશે.તેમણે ગુજરાતના સૌ નાગરિકોને વિનંતી કરતા કહ્યું કે,કોઈ પણ વ્યાજખોરની હેરાનગતિ હોય કે ત્રાસ હોય તો કોઈ પણ જાતનો ડર રાખતા નહી આ તમામ લોકોને પહોંચી વળવા માટે પોલીસ સદાય તત્પર છે અને રહેશેજ આપને સહેજપણ ચિંતા કરવાની જરૂર નથી. સુરત પોલીસ કમિશ્નરના ધ્યાને આવ્યું હતું કે,કેટલાક વ્યાજખોરો ગરીબ અને મજબુર લોકોની આર્થિક મજબુરીનો ફાયદો ઉપાડી ગેરકાયદેસર રીતે ઉંચા વ્યાજદરે વ્યાજ વટાવનો ધંધો કરીને લોકોને પરેશાન કરે છે.જેના પરિણામે કેટલાક કિસ્સાઓમાં લોકો આવા વ્યાજખોરોના ત્રાસના કારણે આપઘાત કરવા સુધીનું પગલું ભરી લે છે.આવી અનેક ફરિયાદો બાદ સુરત પોલીસે વ્યાજખોરો વિરુદ્ધ કડક કાર્યવાહી શરુ કરી હતી જેને સફળતા મળતા આ મોડલ રાજયભરમાં અમલી બનાવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું.

### જોશીમઠમાં ૪૭ વર્ષ પહેલા જ અપાઇ હતી તબાહીની ચેતવણી

# ઉત્તરાખંડના જોશીમઠના ૯ વિસ્તારના ૬૦૩ મકાનોમાં તિરાડ : ૪૩ પરિવારોને શિફ્ટ કરાયા

નવીદિલ્હી,તા.૦૮

ઉત્તરાખંડનું જોશીમઠ શહેર એક મોટી કુદરતી આપદાનો સામનો કરી રહ્યું છે. એક રીતે શહેર જમીનમાં ધસી રહ્યું છે. મકાનો જોખમી સ્થિતિમાં હોવાથી લોકો પલાયન કરવા મજબૂર બન્યા છે. કેન્દ્ર અને રાજય સરકાર પણ એક્શનમાં આવી છે. ઉત્તરાખંડનું યાત્રાધામ જોશીમઠ સંકટમાં છે. કુદરત અહીંના લોકોને ડરાવી રહી છે. ક્યારે શું થશે, તેની આશંકામાં લોકો રાત્રે સૂઈ નથી શકતા. સંભવિત આપદાથી જીવ બચાવવા લોકોએ સ્થળાંતરનો માર્ગ લેવાની પણ ફરજ પડી છે. જમીનોના અને મકાનોમાં તિરાડો સતત પહોળી થઈ રહી છે. જમીનમાંથી જ્યાં ત્યાં પાણીનાં ઝરા નીકળી રહ્યા છે. છેલ્લા એક સપ્તાહથી પરિસ્થિતિ વધુ વિકટ બની છે. મકાનો ધસી રહ્યા છે. જમીનના પેટાળમાંથી ભેદી અવાજ સંભળાય છે. અત્યાર સુધી ૬૦૦થી વધુ મકાનોમાં તિરાડો અને જમીન ધસી પડવાની ઘટનાઓ સામે આવી છે. જેનાથી લોકો ભયભીય બન્યા છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ શનિવારે જોશીમઠનું નિરીક્ષણ કર્યું. તેમણે હવાઈ માર્ગે અને શહેરની સ્થિતિનો તાગ મેળવ્યો, ત્યારબાદ શહેરમાં જઈને લોકો સાથે પ્રત્યક્ષ રીતે સ્થિતિને નિહાળી હતી. તેઓ અસરગ્રસ્તોને પણ મળ્યા. તેમણે તમામ જરૂરી કામગીરી કરવાની ખાતરી આપી છે. હકીકતમાં મિશ્રા આયોગની રિપોર્ટમાં ૧૯૭૬ માં કહેવાયુ હતું કે, જોશીમઠના મૂળમાં અખતરા કરવાથી ખતરો આવશે. આ આયોગ દ્વારા જોશીમઠનું સર્વેક્ષણ કરવામાં આવ્યુ હતું. જેમાં જોશીમઠને એક મોરેનમાં વસાયેલુ જણાવ્યુ હતું, જે અતિ સંવેદનશીલ માનવામા આવે છે. રિપોર્ટમાં જોશીમઠના નીચેના મૂળથી જોડાયેલી પહાડી પત્થરો સાથે છેડખાની ન કરવા માટે કહેવાયુ હતું. તેમજ અહીંના નિર્માણને પણ સમિતિના દાયરામાં સમેટવાની અરજી કરાઈ હતી, પરંતુ આયોગની રિપોર્ટ લાગુ થઈ શકી ન હતી. જોશીમઠમાં ૭૦ ના દાયકામાં ચમોલીમાં આવેલ ભીષણ તબાહી બેલાકુચી પૂર બાદથી સતત ભૂસ્ખલનની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે ચમોલી યુપીનો ભાગ હતો. જમીન ખસી જવાની ઘટનાઓ સામે આવ્યા બાદ યુપી સરકારે ગઢવાલ કમિશનર મુકેશ મિશ્રાને આયોગ બનાવવા માટે સર્વે કરવાનો આદેશ આપ્યો હતો. ૧૯૭૫ માં ગઢવાલ કમિશનર મુકેશ મિશ્રાએ એક આયોગની નિમણૂંક કરી હતી. જેને મિશ્રા આયોગ કહેવાય છે. તેમાં ભૂ-વૈજ્ઞાનિક, એન્જિનિયર, મેનેજમેન્ટના અનેક અધિકારીઓને સામેલ કરવામા આવ્યા હતા. એક વર્ષા બાદ આ આયોગે પોતાની રિપોર્ટ સરકારમાં સોંપી હતી. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતું કે, જોશીમઠ એક રેતાળ પહાડી પર સ્થિત છે. જોશીમઠની તળેટીમાં કોઈ પણ કામ કરવામાં ન આવે. બ્લાસ્ટ, ખનન તમામ વાતોનો તેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. કહેવામાં આવ્યુ હતું કે, મોટા મોટા નિર્માણ કે ખનન ન કરવામાં આવે. અલકનંદા નદીના કિનારે સુરક્ષા વોલ બનાવવામાં આવે. અહીં વહેતા નાળાને સુરક્ષિત કરવામાં આવે. પરંતું રિપોર્ટને સરકારે કોરાણે મૂકી હતી. જેનુ પરિણામ આજે સૌની સામે છે. ઉત્તરાખંડ સરકારનું માનીએ તો અત્યાર સુધી જોશીમઠના ૯ વિસ્તારના ૬૦૩ મકાનોમાં તિરાડ પડી છે. ૪૩ પરિવારોને શિફ્ટ કરવામાં આવ્યા છે. પ્રભાવિતો માટે બે હજાર ફેબ્રિકેટેડ મકાન બનાવવામાં આવશે. પ્રભાવિત પરિવારોને ૬ મહિના સુધી દર મહિને ૬૦૦૦ રૂપિયા આપવામાં આવશે. જોશીમઠના સંકટ મામલે કેન્દ્ર સરકારના જળશક્તિ મંત્રાલયે એક કમિટી બનાવી છે, જે ૩ દિવસમાં રિપોર્ટ સોંપશે. જોશીમઠ જેના કારણે દુનિયાભરમાં જાણીતું છે, તે આદિ ગુરુ શંકરાચાર્યના મઠ પર પણ જોખમ તોળાય છે. હજારો વર્ષ જૂના માધવ આશ્રમ મંદિરના શિવલિંગ પણ તિરાડો પડી હોવાનો દાવો કરાયો છે. ઉત્તરાખંડના જોશીમઠ પરનું સંકટ કેટલું મોટું છે તેની સાબિતી માટે સામે આવેલા દ્રશ્યો પૂરતા છે. ૨ હોટલ એકબીજા સાથે જોડાઈ ગઈ છે. પહેલાં બંને ઈમારતો વચ્ચે ઘણું અંતર હતું... ઈમારત નમી પડતાં હોટલને ખાલી કરી દેવામાં આવી છે. હોટલના રૂમોમાં મોટી તિરાડો પડી જતાં હોટલના સંચાલકો ઈમારતો ખાલી કરી રહ્યા છે.

પ્રવાસનના સમયમાં હોટેલ્સમાં બુકિંગ ફુલ હતું. જો કે હવે જે પરિસ્થિતિ સર્જાઈ છે, તેને જોતાં બુકિંગ કેન્સલ કરવામાં આવ્યા છે. કેમ કે હોટેલનાં સ્ટાફ અને પર્યટકોની સલામતી જરૂરી છે. સ્થાનિકોનો દાવો છે કે દ્વઅ ની તપોવન-વિષ્ણુપ્રયાગ જળવિદ્યુત પરિયોજનાને કારણે જોશીમઠમાં આ સ્થિતિ સર્જાઈ છે, આ માટે કંપનીએ સુરંગ ખોદતા આ ભયાવહ સ્થિતિ સર્જાઈ રહી છે. જેને જોતાં અગાઉ લોકોએ કંપની સામે વિરોધ પણ કર્યો હતો. ઐતિહાસિક અને પૌરાણિક નગર જોશીમઠ હાલ જોખમમાં છે. શહેર જમીનમાં સમાઈ રહ્યું છે. આ સંકટ આગળ જતાં શું સ્વરૂપ ધારણ કરે છે, તે જોવું રહેશે.

# રંગબેરંગી પતંગથી કોઇનું જીવન કે પરિસ્થિતિ ન બગડે તે વિચારજો : સંઘવી

સુરત, તા.૮

સુરત શહેરમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતના નાગરિકોને હાથ જોડીને અપીલ કરી છે. તેઓએ કહ્યું હતું કે પતંગ ઉડાવવાનો શોખ જરૂરથી હોવો જોઈએ, પરંતુ આ રંગબેરંગી પતંગથી પેચ કાપતા કોઈનું જીવન ન જતું રહે, કોઈની પરિસ્થિતિ ન બગડી જાય તે સૌ લોકો જરૂરથી વિચારજો. ઉતરાયણ પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ગુજરાતમાં પતંગ દોરાની માર્કેટો ધમધમતી થઇ ગયી છે તો બીજી તરફ ઉતરાયણ પહેલા લોકોના ગળા કપાવવાના બનાવો સામે આવ્યા હતા. તેમજ કેટલાક બનાવોમાં તો લોકોના મોત પણ થયા છે. બીજી તરફ ચાઈનીઝ દોરીનું વિતરણ કરતા લોકો સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે સુરતમાં હર્ષ સંઘવીએ એક મહત્વનું નિવેદન આપ્યું છે. ગુજરાત રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષસંઘવીનો જન્મદિવસ છે. તેમના જન્મદિવસ નિમિત્તે તેમના શુભેચ્છકો દ્વારા શહેરમાં અનેકવિધ સામાજિક કાર્યક્રમો કર્યા હતા. આ કાર્યક્રમમાં હાજરી આપતા સમયે ગૃહરાજ્યમંત્રી હર્ષસંઘવીએબે મહત્વની મુહિમ પર તેમની પ્રતિક્રિયા આપી હતી. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ અલથાણ ખાતે યોજાયેલા જન્મદિવસના સામાજિક કાર્યક્રમ દરમિયાન રાજ્યમાં વ્યાજખોરો સામેની પોલીસની મુહિમ અને ઉતરાયણ પર્વને લઈ ચાઈનીઝ દોરા સામેની પોલીસની મુહિમ વિશે મહત્વનું નિવેદન આપ્યું હતું.હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ઉતરાયણના તહેવારમાં નાગરિકો સેવા,ધર્મ સાથે તહેવારની ઉજવણી કરીએ છીએ, ઉતરાયણમાં રંગબેરંગી પતંગ જરૂરથી ચગતા હોય છે , પતંગોના પેચ જરૂરથી લગતા હોય છે, પરંતુ તે પેચ હમેશા ભાઈબંધીમાં કપાતા હોય છે એ પેચ કોઈનું જીવન લે તે પ્રકારનો કાપવાનો કોઈએ શોખ ન રાખવો જોઈએ એવી મારી સૌ નાગરીકોને બે હાથ જોડીને અપીલ છે.

### વડોદરાના લંપટ શિક્ષકની કાળી કરતુત

# લંપટ શિક્ષકે ૧૩ વર્ષની સગીરા સાથે શારીરિક અડપલા કર્યા

વડોદરા, તા.૮

રાજ્યમાં સતત શારીરિક સતામણીના બનાવો વધી રહ્યા છે. શિક્ષણ સંસ્થાઓમાં પણ સગીરાએ સાથે શારીરિક અડપલા કર્યા હોવાના ઘણા બનાવો સામે આવતો હોય છે. પોલીસ પણ આ મામલે પોતાની તપાસ ચલાવી રહી છે. વડોદરા શહેરના વારસીયા વિસ્તારમાં ટ્યુશન ક્લાસીસ ચલાવતા વૃદ્ધ શિક્ષકે ૧૩ વર્ષની સગીરા સાથે શારીરિક અડપલા કર્યા હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ સમગ્ર મામલે વારસીયા પોલીસે લંપટ શિક્ષકની ગણતરીના સમયમાં ધરપકડ કરી લીધી અને આગલની વધુ તપાસ હાથ ધરી હતી.

વડોદરા શહેરના વારસીયા વિસ્તારમાં આવેલા પ્રાર્થના ફ્લેટમાં રહેલા ૬૧ વર્ષીય લંપટ શિક્ષક જેનું નામ ઉદય મોહનરાવ ભાલેરાવ ઘણા સમયથી ટ્યુશન ક્લાસીસ ચલાવે છે. તેના આ ટ્યુશન ક્લાસીસમાં ઘણા વિદ્યાર્થીઓ આવતા હોય છે. પરંતુ બે વર્ષ પહેલા ૧૩ વર્ષની સગીરા ટ્યુશન ક્લાસીસમાં વહેલા પહોચી હતી. મળતી વિગતો પ્રમાણે તે સમયે સગીરા અને લંપટ શિક્ષક ઉદય એકલા જ હતા. જેથી લંપટ શિક્ષકે તે તકનો લાભ ઉઠાવ્યો હતો. ઉદય સગીરાને રૂમમાં લઈ જઈને તેની સાથે શારીરિક અડપલા કર્યા હતા. જેથી સગીરા ત્યાથી ગભરાઈને ભાગી ગઈ અને ઘરે આવી ગઈ હતી.સગીરા સમગ્ર બનાવની હકીકત માતા અને દાદીને જણાવતા પરિવારે લંપટ શિક્ષક સામે વારસીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જાતીય સતામણીની ફરિયાદ નોંધાકો વારસીયા પોલીસે લંપટ શિક્ષક ઉદય મોહનરાવ ભાલેરાવ વિરૂદ્ધ આઈ.પી.સી ૩૫૪ એ અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરી લીધી અને આગળી કાર્યવાહી હાથ ધરી હતા.

# ગોધરામાં બે માથાભારે શખ્સોએ ખંજર દ્વારા યુવક પર જીવલેણ હુમલો કરતાં ફરિયાદ

પંચમહાલ,તા.૦૮

ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં રહેતા યુવાનને બે માથાભારે ઈસમો દ્વારા તું કેમ અમારી પોલીસને બાતમી આપે છે. તેમ કહીને મા-બેન સમા અપશબ્દો બોલી ખંજર દ્વારા જીવલેણ હુમલો કરી ગડદાપાટુંનો માર માર્યો હતો. માર મારતા યુવાને ગોધરા બી-ડિવિઝન પોલીસ મથકે બે માથાભારે ઈસમો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર, ગોધરાના રહેમતનગર ચિખોદ્રા તથા મૂળ રહે. મેદા પ્લોટ ઈમરાન મસ્જિદ સામે ગોધરાના ખાલીદ મુસ્તાક ઢુંઢિયાએ પોતાની પોલીસ ફરિયાદમાં જણાવેલ કે, શબ્બીર ઉર્ફે તત્યો હુસેન જબા અવાર નવાર રસ્તામાં આવતા જતા અપશબ્દો બોલતો હતો. જેથી ખાલીદ મુસ્તાક ઢુંઢિયાએ ફોન કરી વેજલપુરના નજરાના સર્વિસ સેન્ટર પાસે બોલાવતા શબ્બીર ઉર્ફે તત્યો હુસેન જબા અને સમીર ઈસ્હાક દેસાઈ જહરપુરા ગોહ્યા મહોલ્લા ગોધરા નાઓને કહ્યું કે, તમે મને અવાર નવાર રસ્તામાં જતા કેમ અપશબ્દો બોલો છો. તે બાબતે પૂછપરછ કરતાં શબ્બીર ઉર્ફે તત્યો હુસેન જબાએ કહ્યું હતું કે, તું અમારી બાતમી પોલીસને કેમ આપે છે. તેમ કહી મા-બેન સમા અપશબ્દો બોલી પેન્ટના નેફામાંથી ખંજર કાઢી ખાલીદ મુસ્તાક ઢુંઢિયાના પેટના ભાગે મારવા જતા તેઓએ જમણા હાથે પકડી પાડતાં જમણા હાથની આંગળીઓ ઉપર ઈજાઓ પહોંચી હતી. જયારે સમીર ઈસ્હાક દેસાઈએ ખાલીદ મુસ્તાકને ગડદાપાટુંનો માર મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી ખાલીદ મુસ્તાકે ગોધરા બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી બંને માથાભારે ઈસમોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### મોંઘવારીએ માછીમારોની કમર ભાંગી

# ડીઝલના ભાવ વધતા માછીમારો બોટ વેચવા માટે મજબુર થયા

ગીર સોમનાથ, તા.૮

માછીમારી ઉદ્યોગની ભાંગી કમર ગઈ છે. ડીઝલમાં ભાવ વધારો, દરિયામાંથી ફિશની અછત અને પોષણસમ ભાવ ન મળવા સહિતની સમસ્યાઓને લઈને માછીમાર ઉદ્યોગ મંદીમાં સપડાઈ ગયો છે.

એટલુ જ નહીં દરિયામાંથી પૂરતી ફિશ ન મળતા અને અયોગ્ય ભાવ ના લીધે વર્ષે અનેક માછીમારો કરજમાં ડૂબે છે, આ સાથે સાથે અનેક માછીમારો પોતાની બોટોને ભંગારમાં વહેચી અન્ય ધંધા તરફ મંડાયા છે.

ઉલ્લેખનીય છે કે, હવે માછીમારો મંદીમાં સપડાઈ રહ્યા છે. ગુજરાતના સૌથી મોટા મત્સ્ય ઉદ્યોગ બંદર વેરાવળના માછીમારો કહી રહ્યા છે કે, ‘સરકાર કયારે ચિંતિત થશે? જી હા આપ જે બોટોના દ્રશ્યો જોઈ રહ્યા છો તે ગુજરાતના સૌથી મોટા મત્સ્ય ઉદ્યોગ વેરાવળ બંદરના છે, જ્યાં માત્ર વેરાવળ બંદર પર ૫ હજારથી વધુ બોટો આવેલી છે. અનેક નાની મોટી ફિશ એક્સપોર્ટના પ્લાન્ટ આવેલા છે, અને અહીંથી જ દેશ અને દુનિયામાં મોટા ભાગની ફિશ એક્સપોર્ટ થાય છે. અને સરકારને કરોડો રૂપિયાનું હૂંડિયામણ રળી આપે છે. પરંતુ આ જ માછીમારો કેટલા વર્ષોથી મુશ્કેલીમાં મુકાયા છે.

માછીમારો મુશ્કેલીમાં મુકાયા છે તેનું કારણ છે વધતા ડીઝલના ભાવ, દરિયામાંથી પૂરતા પ્રમાણમાં ન મળતી ફિશ અને વિદેશ એક્સપોર્ટમાં રોકાયેલા રૂપિયા. આ તમામ કારણોના લીધે સામાન્ય રીતે માર્ચ મહિના સુધી ચાલતી માછીમારોની સિજન હવે ટૂંકી થવા લાગી છે. આ સાથે સાથે ૭૦ ટકા જેટલી બોટો વહેલા બંધ કરવાની ફરજ પડી છે. જેથી માછીમારો પોતાની બોટને વેચવા માટે પણ મજબુર બન્યા છે.

એક તરફ દિવસેને દિવસે મંદીના લીધે માછીમાર ઉદ્યોગ ભાંગી રહ્યો છે અને માછીમારો સહિત હજારો લોકોની રોજગારી છીનવાઈ રહી છે. કુદરતી આફતોથી જજુમતો માછીમાર હવે કુત્રિમ આફતોનો પણ સામનો કરી રહ્યો છે. છેલ્લા બે ત્રણ વર્ષમાં આવેલા વાવાઝોડાઓ અને ત્યારબાદ વૈશ્વિક મહામારી કોરોના!. અને કોરોના કારણે દેશ અને દુનિયામાં અટવાયેલા રૂપિયા હવે માછીમારો માટે માથાના દુઃખાવા સમાન બન્યા છે. ૨૦૧૯ માં ૬૦ રૂપિયા લીટર ડીઝલ ની ખરીદી કરી માછીમારી કરતા બોટ માલિકોને હવે ૧૦૦ રૂપિયા ડીઝલ પરવડતું નથી.

ઉલ્લેખનીય છે કે, જો મોંઘા ભાવના ડીઝલની ખરીદી કરી દરિયામાં માછીમારી કરવા જાય તો કિનારા પર આવ્યા બાદ ફિશના યોગ્ય ભાવ પણ મળતા નથી. ત્યારે સરકાર ને વર્ષો થી રજૂઆત કરતા માછીમારો હવે પોતાની બોટોને ભંગારમાં અથવા અન્ય લોકો વેંચી અન્ય ધંધા તરફ મંડાયા છે. જોકે તેમાં પણ સદીઓથી માછીમારીનો ધંધો કરતા માછીમારો પાસે અન્ય કોઈ આવડત ન હોવાથી મજૂરી એક માત્ર વિકલ્પ રહ્યો છે. ત્યારે આ જ માછીમારો સરકાર પાસે આશા રાખી બેઠા છે કે સરકાર કયારે ચિંતિત થશે.

# વિધાનસભાનાં દંડક બાબુભાઈ શુકલની ઉપસ્થિતિમાં સ્વ સહાય જૂથોનાં લાભાર્થીઓ માટે કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ)છોટાઉદેપુર,તા.૮

છોટાઉદેપુર ખાતે દિનદયાળ અંત્યોદય યોજના રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM), સ્વ સહાય જૂથો માટે બેંક લિંકેજ અન્વયે કેશ ક્રેડિટ કેમ્પ યોજાયો હતો જેમાં લાભાર્થીઓને સ્વ સહાય ના ચેકો અર્પણ કરાયાં હતાં.



સરકાર દ્વારા છેવાડાના માનવીને સરકાર દ્વારા મળતાં દરેક લાભો પહોંચાડવાની કામગીરી સ્થાનિક પ્રતિનિધિઓ દ્વારા હાથ ધરવામાં આવે છે. ત્યારે આજરોજ વિધાનસભાના મુખ્ય ડંડક બાલકૃષ્ણ શુકલ, જિલ્લા કલેકટર શ્રીમતી સ્મૃતિ ચારણ, ડી.ડી.ઓ.ગંગા સિંધ, ધારાસભ્યો જયંતીભાઈ રાઠવા, અભેસિંહ તડવી, રાજેન્દ્રસિંહ રાઠવાની ઉપસ્થિતિમાં આ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં વિવિધ રાષ્ટ્રીય બેંકો અને મંડળીઓના સહયોગથી લાભાર્થીઓને ચેકનું વિતરણ તેમજ આર સી ટી આઈ ના પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ કેમ્પમાં નિયામક સાહેબ, જિલ્લા ભા.જ.પા પ્રમુખ, મહામંત્રી, તેમજ ઉપસ્થિત મહાનુભાવો, પદાધિકારીઓ, કાર્યકરો અને લાભાર્થીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહયાં હતાં.

આ ઉપરાંત જેતપુર પાવી વિધાનસભાના ધારાસભ્ય જયંતીભાઈ રાઠવા, છોટાઉદેપુર વિધાનસભાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા, સંખેડા વિધાનસભાના ધારાસભ્ય અભેસિંહભાઇ તડવી ઉપસ્થિત રહી તેમના હસ્તે સખી મંડળના બહેનો અન્ય ભાઈઓ તથા બહેનોને કેશ ક્રેડિટ કેમ્પ કાર્યક્રમ અંતર્ગત સ્વ સહાય જૂથોને ચેક તેમજ આર-સીટીઆઈ પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. આમ, ખૂબ જ મોટી સંખ્યામાં લાભાર્થીઓને લાભ મળે તેવા સઘન પ્રયત્નો સ્થાનિક ધારાસભ્યોએ હાથ ધર્યા હતા.


Styrenix PERFORMANCE MATERIALS

**સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ**

(અગાઉ ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ તરીકે જાણીતી)

**સીઆઈએન** : L25200GJ1973PLC002436

**રજી. ઓફિસ :** ૫મો માળ, ઓહમ હાઉસ-II, ઓહમ બીઝનેસ પાર્ક, સુભાનપુરા, વડોદરા-૩૯૦૦૨૩, ગુજરાત.

**ફોન** : +૯૧ (૨૬૫) ૨૩૦૩૨૦૧ / ૨૩૦૩૨૦૨

**ઈ-મેઈલ** : secshare@styrenix.com | **વેબસાઈટ** : www.ineosstyrolutionindia.com

**પોસ્ટલ બેલેટ નોટિસ**

**આથી સૂચના આપવામાં આવે છે કે,** કંપની એક્ટ, ૨૦૧૩ ("**અધિનિયમ**") ની કલમ ૧૧૦ અનુસાર અને કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ("**નિયમો**") ના નિયમ ૨૨ અને અધિનિયમ અને નિયમોની અન્ય લાગુ જોગવાઈઓ તથા કોર્પોરેટ બાબતોના મંત્રાલય ("**એમ.સી.એ. પરિપત્રો**") દ્વારા જારી કરવામાં આવેલ સામાન્ય પરિપત્રો નંબર ૧૪/૨૦૨૦ તારીખ ૮ એપ્રિલ ૨૦૨૦, ૩/૨૦૨૨ તારીખ ૫ મે ૨૦૨૨, ૧૦/૨૦૨૨ અને ૧૧/૨૦૨૨ તારીખ ૨૮ ડિસેમ્બર ૨૦૨૨ તથા સિકયોરિટી એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશનસ અને ડિસ્કલોઝર જરૂરિયાતો) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ("**લિસ્ટિંગ રેગ્યુલેશન્સ**") ના નિયમન ૪૪, ઈન્સ્ટીટ્યુટ ઓફ કંપની સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ ઓન જનરલ મીટીંગ્સ ("**એસ.એસ.-૨**") અને અન્ય લાગુ કાયદા, નિયમો અને નિયમનો (કોઈ પણ વૈધાનિક ફેરફાર અથવા પુન: અધિનિયમ જે જે તે સમય માટે અમલમાં છે અને સમયાંતરે સુધારેલા સુધારા સહિત) અનુસાર નીચે દર્શાવેલ ઠરાવો ઈનીઓસસ્ટાયરોલ્યુશન લિમિટેડ ("**કંપની**") ના સભ્યો દ્વારા પોસ્ટલ બેલેટ દ્વારા, માત્ર દૂરસ્થ ઈ-વોટિંગ "ઈ-વોટિંગ" પ્રક્રિયા દ્વારા પસાર કરવાનો પ્રસ્તાવ છે, તેથી નીચેની બાબતો માટે માત્ર રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયા ("**ઈ-વોટિંગ**") દ્વારા વિશેષ ઠરાવ માટે શેરધારકોની મંજૂરી માંગવામાં આવે છે :

| મુદ્દા નં. | વિશેષ ઠરાવ |
|---|---|
| ૧. | કંપનીના સ્વતંત્ર ડિરેકટર તરીકે શ્રી મિલીન કૈમાસ મહેતાની નિયુકિત. |
| ૨. | કંપનીના સ્વતંત્ર ડિરેકટર તરીકે શ્રી પ્રેમકુમાર તનેજાની નિયુકિત. |
| ૩. | શ્રી રાકેશ શિવભગવાન અગ્રવાલ, જેમની ઉંમર ૭૦ વર્ષની થઈ છે, તેમની નવેમ્બર ૧૭, ૨૦૨૨ થી ૫ વર્ષની મુદત માટે રોટેશન અનુસાર નિવૃત્તિને પાત્ર અને હોલ-ટાઈમ ડિરેકટર તરીકે નિયુકિત. |
| ૪. | નવેમ્બર ૧૭, ૨૦૨૨ ની અસરથી ૫ વર્ષની મુદત માટે શ્રી રાહુલ રાકેશ અગ્રવાલની કંપનીના રોટેશન પ્રમાણે નિવૃત્તિને પાત્ર નથી તેવા ડિરેકટર અને મેનેજિંગ ડિરેકટર તરીકે નિયુકિત. |
| ૫. | નવેમ્બર ૧૭, ૨૦૨૨ ની અસરથી ૫ વર્ષની મુદત માટે શ્રી વિશાલ રાકેશ અગ્રવાલની કંપનીના રોટેશન પ્રમાણે નિવૃત્તિને પાત્ર ડિરેકટર અને જોઈન્ટ મેનેજિંગ ડિરેકટર તરીકે નિયુકિત. |
| ૬. | શ્રી રવિશંકર બાલકોટેશ્વરરાવ કોમ્પલ્લી ની કંપનીના રોટેશન પ્રમાણે નિવૃત્તિને પાત્ર ડિરેકટર અને હોલ-ટાઈમ ડિરેકટર તરીકે નિયુકિત. |
| ૭. | કંપનીના સ્વતંત્ર ડિરેકટર તરીકે શ્રી પી. એન. પ્રસાદની નિયુકિત. |
| ૮. | કંપનીના સ્વતંત્ર ડિરેકટર તરીકે શ્રી રાધિકા નાથની નિયુકિત. |
| ૯. | સ્વતંત્ર ડિરેકટરને કમિશનની ચુકવણી. |

**આથી શેરધારકોને જણાવવામાં આવે છે કે :**

૧. કંપનીના બોર્ડ ઓફ ડીરેકટર્સ દ્વારા તારીખ ૧૭ નવેમ્બર, ૨૦૨૨ અને ૦૪ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ યોજાયેલી તેની બેઠકમાં શેરધારકોને ઈ-વોટિંગ દ્વારા પોસ્ટલ બેલેટ દ્વારા ઉપરોકત બાબતોને મંજૂર કરવા માટે વિશેષ ઠરાવ પસાર કરવાની ભલામણ કરી હતી.

૨. એમ.સી.એ. પરિપત્રો ના પાલન અન્વયે, કંપનીએ સ્પષ્ટીકરણ નિવેદન, સૂચનાઓ અને ઈ- વોટિંગ પ્રક્રિયાની રીત સાથે પોસ્ટલ બેલેટની નોટિસ મોકલવાની પ્રક્રિયા તારીખ ૦૫ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ પૂર્ણ કરી છે, જેમાં ઈલેકટ્રોનિક મોડ દ્વારા એ તમામ સભ્યો કે જેમના ઈમેલ આઈડી કંપની/ડિપોઝીટરીઝમાં નોંધાયેલા છે અને જેમના નામ ૦૩ જાન્યુઆરી, ૨૦૨૩ (નિર્દિષ્ટ તારીખ) ના રોજ સભ્યોના રજિસ્ટર / લાભદાયી માલિકોની સૂચિમાં નોંધાયેલા છે તેમને મોકલી આપવામાં આવી છે.

૩. જે સભ્યોનું ઈમેલ કંપની / ડિપોઝીટરીઝમાં નોંધાયેલ નથી / ખોટી રીતે નોંધાયેલ છે, તેઓ પણ પોસ્ટલ બેલેટ નોટિસમાં ઉલ્લેખિત ‘મતદાન માટેની સૂચનાઓ’ માં વ્યાખ્યાયિત પ્રક્રિયા મુજબ પોતાનો મત આપી શકશે.

૪. **સભ્યો સૂચિત ઠરાવ પર તેમના મત તેમની સંમતિ અથવા અસંમતિ ફક્ત દૂરસ્થ ઈ-વોટિંગ પ્રક્રિયા દ્વારા જ વ્યકત કરી શકશે.** ઈ-વોટિંગ માટે, કંપનીએ લિંક ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડને રોકેલ છે. ઈ-વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા પોસ્ટલ બેલેટ નોટિસમાં આપવામાં આવી છે.

૫. કંપનીના બોર્ડ ઓફ ડિરેકટર્સ ("બોર્ડ") એ મેસર્સ દેવેશ પાઠક એન્ડ એસોસિએટ્સ ના સ્થાપક શ્રી દેવેશ પાઠક, પ્રેકિટસિંગ કંપની સેક્રેટરીઝ (એફ.સી.એસ. ૪૫૫૯, સી.પી.૨૩૦૬) ને પોસ્ટલ બેલેટ અને ઈ-વોટિંગ કરવા માટે વાજબી અને પારદર્શક રીતે પ્રક્રિયા માટે સ્ક્રુટીનાઈઝર તરીકે નિયુકત કર્યા છે.

૬. કટ-ઑફ ડેટ : જે શેરધારકોના નામ **તા. ૦૩ જાન્યુઆરી, ૨૦૨૩** ના રોજ સભ્યોના રજીસ્ટર/લાભાર્થી માલિકોની યાદીમાં દેખાય છે, તેઓને ઈ-વોટિંગ માટે ધ્યાનમાં લેવામાં આવશે. જે વ્યક્તિ તા. ૦૩ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ એક શેરધારક નથી, તેમણે આ નોટિસનો ઉપયોગ ફક્ત સૂચના હેતુ માટે કરવાનો રહેશે.

૭. ઈ-વોટિંગ : મતદાન **મંગળવાર, ૧૦ જાન્યુઆરી, ૨૦૨૩, (સવારે ૯.૦૦ વાગે) શરૂ થશે અને બુધવાર, ૦૮ ફેબ્રુઆરી, ૨૦૨૩ (સાંજે ૫.૦૦ વાગે) સમાપ્ત થશે.**

**મહત્ત્વપૂર્ણ : એમસીએ પરિપત્રો અનુસાર, કંપનીએ સભ્યો માટે તેમના ઈ-મેઈલ એડ્રેસ નોંધાવવા માટે જરૂરી વ્યવસ્થાઓ કરેલ છે. જે સભ્યોએ તેમના ઈ-મેઈલ એડ્રેસ નોંધાવ્યા નથી તેઓને વિનંતી કરવામાં આવે છે કે, તેઓ (i) જો શેર ઇલેક્ટ્રોનિક સ્વરૂપે ધરાવે છે તો ડિપોઝિટરી ભાગીદાર(રો) પાસે નોંધાવે જ્યાં તેઓ તેમના ડિમેટ ખાતાંઓ જાળવે છે, અને (ii) જો શેર ભૌતિક સ્વરૂપમાં ધરાવે છે તો https://instavote.linkintime.co.in પર કિલક કરીને અથવા vadodara@linkintime.co.in પર ફોલિયો નંબર, ઈ-મેઈલ એડ્રેસ અને પાન કાર્ડની સ્વ-પ્રમાણિત નકલની વિગતો આપીને નોંધાવી શકે છે.**

પોસ્ટલ બેલેટ નોટિસ કંપનીની વેબસાઈટ **www.ineosstyrolutionindia.com** પર પણ ઉપલબ્ધ છે. કોઈ પ્રશ્નોના કિસ્સામાં, આપ https://instavote.linkintime.co.in પર હેલ્પ સેકશન હેઠળ ઉપલબ્ધ શેરધારકો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (એફએક્યૂ) અને ઈન્સ્ટાવોટ ઈ-વોટિંગ મેન્યુઅલ જોઈ શકો છો અથવા enotices@linkintime.co.in પર ઈમેઈલ લખી શકો છો અથવા +૯૧ (૨૨) ૪૯૧૮૬૦૦૦ પર કૉલ કરી શકો છો, અથવા અહીં આપેલ સંપર્ક વિગતો અનુસાર નીચે સહી કરનારનો સંપર્ક કરી શકો છો.

નિયામક મંડળના આદેશથી
**સ્ટાયરેનિક્ષ પરફોર્મન્સ મટેરીયલ્સ લિમિટેડ**
(અગાઉ ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ તરીકે જાણીતી)
સહી/-

**તારીખ :** જાન્યુઆરી ૦૬, ૨૦૨૩ — **અભિજાત સિન્હા**
**સ્થળ :** વડોદરા — કંપની સેક્રેટરી